**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૮/૦૯/૨૦૧૭ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૮૭૬/૧૭**

## અમદાવાદ શહેર વિસ્તારમાં રસ્તે ચાલતા જતી છોકરીઓને ટાર્ગેટ બનાવી તેઓના ગળામાંથી ચેઇન સ્નેચીગ કરતા બે ઇસમને અપાચી મોટર સાયકલ તેમજ સોનાની એક ચેઇન સાથે ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમબ્રાન્ચ

**અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થાની જાળવણી રહે તેમજ શહેરમાં બનતા ચેઈન સ્નેચિંગના ગુન્હાઓ શોધી કાઢવા સારૂ તેમજ અટકાવવા સારૂ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્કવોડના પોલીસ ઈન્સપેક્ટર શ્રી પી.જી.સરવૈયા તથા પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ.કોરોટ તથા પો.સ.ઇ.શ્રી કે.ડી.જાડેજા નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન મળેલ બાતમી હકીકત આધારે અમદાવાદ શહેરના** આર.ટી.ઓ થી સુભાષબ્રીજ આવવાના રોડ ઉપર બ્રીજના છેડે **જાહેરમાંથી** **આરોપી (૧)** અશોક S/O ધનજીભાઈ પરમાર ઉ.વ.૧૯ રહે.સતકેવલ નગર ગાંધીવાસ-૨ ટોલનાકા જનપથ હોટલની બાજુમાં ખાંચામાં સાબરમતી અમદાવાદ શહેર (૨) સુરેન્દ્રસિંહ પ્રુથ્વીસિંહ ઝાલા ઉવ.૨૧ રહે.મ.નં.૧૦૨, અનંતવીલા ફ્લેટ પ્રાંતિજ હાઈવે ત્રણ રસ્તા, તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા નાને એક **સોનાની ચેઈન કિ.રૂ.**૨૫,૦૦૦**/- તથા** મો.સાયકલ નં. GJ-1-JX-74 કિ.રૂ.૪૦,૦૦૦/- **મળી કુલ કિ.રૂ.**૬૫,૦૦૦**/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી તેઓને અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.**

ઉપરોક્ત આરોપીઓની સઘન પુછપરછ કરતા આરોપીઓએ ભેગા મળી કબજે કરેલ મો.સાયકલ ઉપર નવરંગપુરા વિસ્તારમાં આવેલ સમર્પણ ચાર રસ્તા પાસેથી ચાલતા જતી બે છોકરીઓ પૈકી એક્ના ગળામાંથી સોનાની ચેઈન તોડી ચોરી કરેલાની કબુલાત કરેલ છે અને જે સબંધે નવરંગપુરા પોસ્ટે. ખાતે દાખલ થયેલ ચેઈન સ્નેચિંગના ગુન્હાનો ભેદ ઉકેલાય છે અને પકડાયેલ આરોપીઓ પૈકી સુરેન્દ્રસિંહ પ્રુથ્વીસિંહ ઝાલા નાનો આજથી બે વર્ષ પહેલા સાબરમતી ,ચાંદખેડા ,નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ચેઈન સ્નેચિંગના ગુન્હામાં પકડાયેલ છે અને કે વખત પાસા પણ થયેલ છે જેઓની વધુ તપાસ પોલીસ સબ ઇન્સ શ્રી બી.એચ.કોરોટ નાઓ ચલાવી રહેલ છે.

## છેલ્લા છ મહિના દરમ્યાનમાં અમદાવાદ શહેરના જુદા-જુદા વિસ્તારો માંથી એકટીવા તથા મોટર સાયકલ ચોરીના ૧૩ વાહનો સાથે ઝડપી લઇ, વાહન ચોરીના કુલ-૧૩ ગુનાનો ભેદ ઉકેલી નાંખતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના સંયુકત પોલીસ કમિશ્નર શ્રી જેકે.ભટ્ટ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓએ અમદાવાદ શહેરમાં વાહન ચોરીમાં એકટીવા ચોરીના બનાવો ખુબજ વધવા પામેલ હોય જેથી કોઇ સ્પેશીફીક એક્ટીવા ચોરીના ગુન્હાઓ તાકીદે શોધી કાઢવા સારુ સુચના કરેલ હોય જેઓની સુચના આધારે પોલીસ ઈન્સપેકટર શ્રી એસઆર.ટંડેલ નાઓના માર્ગદર્શન હેઠળ તેઓના સ્કોડના પો.સબ.ઇન્સ. શ્રી ડી.પી.ઉનડકટ તથા પો.સબ.ઇન્સ. શ્રી એ.પી.ચૌધરી નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના હેડ.કોન્સ. વિજયસિંહ અદેસિંહ તથા પો.કોન્સ. ભવાનીસિંહ પ્રતાપસિંહ તથા પો.કોન્સ. દિગ્વીજયસિંહ ભુરુભા નાઓએ તેઓને મળેલ સયુંકત બાતમી હકીકત આધારે આરોપી ઇબ્રાહીમ ઉર્ફે અભુ ઉર્ફે ભજીયો યુનુસભાઇ મલેકનાને જુહાપુરા, હાજીબાવાની કુઇ ત્રણ રસ્તા પાસે થી એક ચોરીના હોન્ડા એક્ટીવા કિંમત રૂ.૬૦,૦૦૦/- ની મત્તાના સાથે આજરોજ તા.૧૬/૦૯/૨૦૧૭ ના રોજ પકડી અટક કરવામાં આવેલ છે. તેમજ સદર આરોપીએ ચોરી કરી પોતાના રહેણાંક મકાન પાસે મુકે રાખેલહોન્ડા એક્ટીવા નંગ-૨ કુલ કિંમત રૂ.૧,૦૦,૦૦૦/- તથા મોટર સાયકલ નંગ-૨ કુલ કિંમત રૂ.૮૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૧,૮૦,૦૦૦/- ની મત્તાના તેમજ આરોપીએ ચોરી કરી ધંધુકા ખાતે રહેતા તેના ઓળખીતાને વેચાણ આપી દિધેલ હોય જે ચોરીના બીજા એક્ટીવા નંગ-૬ કુલ કિંમત રૂ.૩,૩૦,૦૦૦/- તથા મોટર સાયકલ નંગ-૨ કુલ કિંમત રૂ.૮૦,૦૦૦/- મળી કુલ કિંમત રૂ.૪,૧૦,૦૦૦/- મત્તાના મળી સદર આરોપીએ ચોરી કરેલ કુલ વાહન નંગ-૧૩ ની કુલ કિંમત રૂ.૬,૫૦,૦૦૦/- ની મતાના વાહનો તપાસ અર્થે કબ્જે કરવામાં આવેલ છે.

સદર આરોપીની પુછપરછ કરતા ઉપરોક્ત કબ્જે કરેલ તમામ હોન્ડા એક્ટીવા તથા હિરો સ્પ્લેન્ડર મોટર સાયકલ પોતે સ્ટીયરીંગ લોક તોડી વાયરીંગ ડાયરેકટ કરી ચાલુ કરી ચોરી કરેલ હોવાની કબુલાત કરેલ છે. હોન્ડા એક્ટીવા તથા મોટર સાયકલ વેચી નાંખી તેમાંથી મળતા પૈસાથી મોજશોખ કરવાના ઇરાદે સદર વાહનોની પોતે ચોરી કરેલ હોવાનુ જણાવેલ છે. સદર આરોપી ચોરી કરવાની ટેવ વાળો છે અને ચોરીના વાહનો અલગ-અલગ લોકોને વેચાણ કરે છે.

સદર હોન્ડા એક્ટીવા તથા મોટર સાયકલ ચોરીઓ બાબતે વાસણા પોલીસ સ્ટેશન-૩, પાલડી પોલીસ સ્ટેશન-૫, સરખેજ પોલીસ સ્ટેશન-૫ મળી કુલ-૧૩ ફરીયાદ નોંધાયેલ છે. જેથી સદર આરોપીને આગળની વધુ તપાસ અર્થે ઉપરોક્ત પોલીસ સ્ટેશનો ખાતે સોંપવા તજવીજ કરવામાં આવેલ છે.

સદર આરોપીએ અગાઉ સન-૨૦૧૬ માં સારંગપુર હનુમાનજી મંદિર પાસે થી એક હિરો સ્પ્લેન્ડર મોટર સાયકલની ચોરી કરેલ હતી. ચોરીના મોટર સાયકલ સાથે તેને ધંધુકા પોલીસે પકડી પાડેલ અને બોટાદ પોલીસને સોંપતા જેને વાહન ચોરીના ગુનામાં અટક કરેલ હતો

ગુનાની વિગત

| અ.નં. | પોલીસ સ્ટેશન | ગુના રજીસ્ટર નંબર તથા કલમ | વાહન |
|---|---|---|---|
| ૧ | વાસણા | ફ.ગુ.ર.નં.૪૬/૧૭ ઇપીકો ૩૭૯ | એક્ટીવા 4G સફેદ કલર |
| ૨ | વાસણા | ફ.ગુ.ર.નં.૩૧/૧૭ ઇપીકો ૩૭૯ | એક્ટીવા સફેદ કલર |
| ૩ | વાસણા | ફ.ગુ.ર.નં.૨૯/૧૭ ઇપીકો ૩૭૯ | એક્ટીવા કાળા કલર |
| ૪ | પાલડી | ફ.ગુ.ર.નં.૯૭/૧૭ ઇપીકો ૩૭૯ | એક્ટીવા 4G ગ્રે કલર |
| ૫ | પાલડી | ફ.ગુ.ર.નં.૯૬/૧૭ ઇપીકો ૩૭૯ | એક્ટીવા સફેદ કલર |
| ૬ | પાલડી | ફ.ગુ.ર.નં.૮૮/૧૭ ઇપીકો ૩૭૯ | એક્ટીવા 4G ગ્રે કલર |
| ૭ | પાલડી | ફ.ગુ.ર.નં.૧૦૦/૧૭ ઇપીકો ૩૭૯ | પેશન પ્રો કાળા કલર |
| ૮ | પાલડી | ફ.ગુ.ર.નં.૯૪/૧૭ ઇપીકો ૩૭૯ | એક્ટીવા 4G સફેદ કલર |
| ૯ | સરખેજ | ફ.ગુ.ર.નં. /૧૭ ઇપીકો ૩૭૯ | સ્પ્લેન્ડર પ્રો કાળા કલર |
| ૧૦ | સરખેજ | ફ.ગુ.ર.નં.૬૨/૧૭ ઇપીકો ૩૭૯ | એક્ટીવા સફેદ કલર |
| ૧૧ | સરખેજ | ફ.ગુ.ર.નં.૧૫૦/૧૭ ઇપીકો ૩૭૯ | સ્પ્લેન્ડર પ્લસ કાળા કલર |
| ૧૨ | સરખેજ | ફ.ગુ.ર.નં.૫૩/૧૭ ઇપીકો ૩૭૯ | સ્પ્લેન્ડર પ્લસ કાળા કલર |
| ૧૩ | સરખેજ | ફ.ગુ.ર.નં.૧૫૧/૧૭ ઇપીકો ૩૭૯ | એક્ટીવા સફેદ કલર |

**<u>સાબરમતી પોલીસ સ્ટેશન :</u>**

**(૧)**

**સાબરમતી વિસ્તારમા શ્રી ડાઇઝ (પાસા) થી જુગાર રમી રમાડતા કુલ સાત ઇસમોની કુલ્લે કિ.રૂ.1.49.710/-ના મુદ્દામાલ સાથે ધરપકડ કરતી સાબરમતી પોલીસ**

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-2 સાહેબની સુચના મુજબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડીવીઝન તથા પોલીસ ઇન્સ શ્રી ડી.વી.રાણા સાબરમતી પો.સ્ટે નાઓએ અ.હે.કો અરવિંદકુમાર માનાભાઇ નાઓની બાતમી હકીકત આધારે લક્ષ્મીનગર એમ.કે સ્ટોન તથા ખેતીવાડી ઓફીસ ની વચ્ચે આવેલ ખુલ્લી જગ્યામાં સર્વે નં 166/1 ઓરડીમાં સાબરમતી અમદાવાદ શહેર ખાતે બીજા પોલીસ સ્ટાફના માણસો સાથે રેઇડ કરતા મદનલાલ નારાયણ જોષી ઉ.વ.52 રહે મ.નં-9/એ ખોડીયાર નગર રામ બલરામ સોસાયટીની બાજુમાં ચાંદલોડીયા અમદાવાદ શહેર +6 =7 નાઓને જુગાર રમવાના સાધનો સાથે પકડી આરોપીઓની અંગ ઝડતીના નાણા રૂ.55.610/- તથા દાવના નાણાં રૂ.2750/- તથા નાળના નાણાં રૂ.850/- તથા આરોપીઓની ઝડતી દરમ્યાન મળી આવેલ મોબાઇલ ફોન કુલ નંગ-7 કિ.રૂ.18.500/- તથા ઝડતી દરમ્યાન મળી આવેલ ચાવી વાળા વાહનો મો.સા 2 તથા એકટીવા 1 મળી કુલ્લે રૂ.72.000/- તથા જુગારના સાહીત્યના પાસા નંગ-12 તથા બે પ્લાસ્ટીકના પોસ્ટર તથા બે પ્લાસ્ટીકના નાના ડબ્બા કી.રૂ.00/00 મળી કુલ્લે કિ.રૂ.1.49.710/- નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા કલમ 4,5 મુજબનો ગુનો દાખલ કરાવેલ છે અને આગળની તપાસ જવાહર પોલીસ ચોકી પો.સ.ઇ.શ્રી કે.એમ.છાસીયા નાઓ ચલાવી રહેલ છે

**(૨)**

સાબરમતી પો.સ્ટે વિસ્તારમાં રહેતો કૌશીકભાઇ રત્નાભાઇ જાતે રબારી ઉ.વ.૨૯ રહે.મ.ન.૭૦ સ્વસ્તીક પાર્ક સોસાયટી, ઉમાભવાની પાસે, ત્રાગડ રોડ, સાબરમતી, અમદાવાદ શહેર નાની વિરુધ્ધ સાબરમતી પોલીસ સ્ટેશનમાં (૧) ફ.ગુ.ર.નં-૨૪/૨૦૧૭ ઈ.પી.કો કલમ,૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૩૩૭, ૨૯૪(ખ), ૫૦૬(૧) મુજબ, (૨) ફ.ગુ.ર.નં-૬૯/૨૦૧૭ ઈ.પી.કો કલમ ૧૪૩,૧૪૭, ૧૪૮,૧૪૯,૩૨૩,૩૨૪,૩૩૭, ૪૨૭,૨૯૪(ખ),૫૦૬(૧) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા (3) સાબરમતી પો.સ્ટે સે.ગુ.ર.નં-૩૧૪૬/૧૭ તા.૦૭/૦૭/૨૦૧૭ ઈ.પી.કો કલમ ૩૨૩,૨૯૪ (ખ),૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ.૧૩૫(૧) મુજબના મારા મારી તથા ઝઘડા તકરારના ગુનાઓ નોંધાયેલ હોય સદરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રીની કચેરી મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર દ્વારા સદરી આરોપીને પાસા અટકાયતમા લેવા હુકમ ક્રમાંક /પીસીબી/ડીટીએન/પાસા/૫૫૮/૨૦૧૭ તા:૨૮/૦૮/૨૦૧૭ આધારે સદરી પાસા અટકાયતીને તા:૧૬/૦૯/૨૦૧૭ ના રોજ પાસા અટકાયતીના હુકમની બજવણી કરી ડીટેન કરી આરોપીને જામનગર જેલ ખાતે યોગ્ય જાપ્તા સાથે મોકલી આપેલ છે b

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી ગોમતીપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.